## ગુજરાતના વિદ્યાર્થીઓને રિસર્ચ માટે નવી તક સાંપડી

# આઈઆઈટીમાં ઈતિહાસ અને ભાષામાં ડોક્ટરેટ કરી શકાશે

**■ Ph.D. ફેલોશીપ અંતર્ગત વિદ્યાર્થીને આર્થિક સહાય અપાશે**

અમદાવાદ, તા.૨૧

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી(IIT)-ગાંધીનગરમાં હવે એન્જિનિયરિંગના વિષયો ઉપરાંત આર્ટસ વિદ્યાશાખાના વિષયોમાં વિદ્યાર્થીઓ પીએચ.ડી. કરી શકશે. જેના કારણે ગુજરાતના વિદ્યાર્થીઓને પીએચ.ડી. અંતર્ગતના રીસર્ચ કરવા માટે નવી તક સાંપડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, આઈઆઈટી દ્વારા પીએચ.ડી.ના અભ્યાસ માટે જે વિદ્યાર્થીઓ સિલેક્ટ થશે તેમને સ્કોલરશીપ આપવામાં આવશે.

આઈઆઈટી ખાતે એન્જિનિયરિંગ વિદ્યાશાખાના વિષયોમાં ઉપરાંત હ્યુમીનીટીઝ(માનવીય અભિનગ) અને સોશ્યલ સાયન્સ(સામાજિક વિજ્ઞાન) શાખાના ઈતિહાસ, ભાષા અને સાહિત્ય, ફિલોસોફી, પોલીટીકલ સાયન્સ, સાયકોલોજી, સામાજિક સમસ્યા અને સમાજશાસ્ત્ર સહિતના વિષયોમાં પીએચ.ડી.ના માટે સુવિધા વિકસાવાઈ છે. આ સંદર્ભે અંગ્રેજીના જાણીતા પ્રોફેસર ડો.નિરજા અરુણે જણાવ્યું હતું કે, ''નવી જે આઈઆઈટી ખુલી રહી છે એ પોતાની બ્રાન્ડ વિકસાવવા માટે હ્યુમીનીટીઝ વિદ્યાશાખાના વિષયોમાં પીએચ.ડી.ના કોર્સ શરુ કરી રહી છે. પરંતુ આઈઆઈટી જેવી સંસ્થા તો ટેકનિકલ કોર્સ માટે છે, હ્યુમીનીટીઝ માટે નહીં.'' જ્યારે યુનિવર્સિટીના ભાષા સાહિત્ય ભવનના હેડ ડો.વસંત ભટ્ટે એમ કહ્યું હતું કે, ''હ્યુમીનીટીઝ વિદ્યાશાખાના વિષયોમાં આઈઆઈટી જેવી સંસ્થા પીએચ.ડી.ના કોર્સની ઓફર કરી રહી છે જેના કારણે વિદ્યાર્થી અર્થસભર રીસર્ચ કરી શકશે.'' બીજી તરફ નવી આંઈઆઈટીમાં વિદ્યાર્થીઓની સંખ્યાનો પ્રશ્ન પણ છે જેના કારણે કેમ્પસમાં વિવિધ વિદ્યાશાખાના કોર્સ શરુ કરવા તરફ આ ટેકનોલોજીની સંસ્થા વળી છે તેમ સૂત્રોનું કહેવું છે. જોકે, આઈઆઈટીમાં હ્યુમીનીટીઝના વિષયોમાં પીએચ.ડી. માટે રીટાયર્ડ ફેકલ્ટીની ગાઈડ સેવા લેવામાં આવશે. આ રીતે હ્યુમીનીટીઝના વિષયોમાં પીએચ.ડી.ના પ્રોગ્રામ ઓફર કરીને પોતાની બ્રાન્ડ તેમજ પ્રતિષ્ઠા ઊભી કરવા આઈઆઈટી-ગાંધીનગર જેવી ટેકનોલોજીની સંસ્થા પ્રયાસ કરી રહી છે જે કેટલા અંશે સફળ રહે છે તેના પર સૌની નજર મંડાયેલી છે.

### પીએચ.ડી. અંતર્ગત ક્યા ક્ષેત્રમાં રિસર્ચ કરી શકાશે ?

સાઉથ એશિયન લીટરેચર, સાઉથ એશિયન હિસ્ટ્રી, ગુજરાતી કલ્ચર, રાજકારણ, સાહિત્ય, સોશ્યલ ડેમોગ્રાફી, પબ્લીક હેલ્થ, બંગાળી સાહિત્ય, લોકશાહી અને સમાજ, ટ્રાન્સલેશન થીયરી એન્ડ પ્રેક્ટિસ.